અપીલ અરજી નં.૧૮૯ તા.૨૩–૯–૦૮

અરજદારઃ શ્રી પ્રકાશભાઈ જે. દેસાઈ
સામાવાળાઃ(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન
(૨) વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી

## હુકમઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રકાશભાઈ જે. દેસાઈની તા.૧૬–૫–૦૮ ની અરજી આઈ.ડી. ક્રમાંક ૧૪૯ થી બાંધકામ બાબતે વીજીલન્સ તપાસની માંગણી કરી હતી જે અંગે વીજીલન્સ ખાતાએ તપાસ કરી રીપોર્ટ કર્યો હોય તેની નકલ પુરી પાડવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૩–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૮૯/૨૦૦૮–૦૯

શ્રી પ્રકાશભાઈ જે. દેસાઈની તા.૧૬–૫–૦૮ ની અરજી આઈ.ડી.ક્રમાંક ૧૪૯ થી બાંધકામ બાબતે વીજીલન્સ તપાસની માંગણી કરી હતી જે અંગે વીજીલન્સ ખાતાએ તપાસ કરી રીપોર્ટ કર્યો હોય તેની નકલ પુરી પાડવા બાબતે આપેલ માહિતીઓ અધુરી પુરી પાડેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૩–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૨૪ તા.૬–૧૦–૦૮ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન તથા વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી સા.ઝોન/આ.નં.૫૭૫૬ તા.૧૬–૧૦–૦૮ તથા વીઆઈડી/આ.નં.૧૦૫૭ તા.૧૮–૧૦–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે. જે અનુસાર જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર ઉધનાઝોન ધ્વારા તેમના પત્ર તા.૧૭–૫–૦૮ થી વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસરને તબદીલ કરેલ અરજી અંગે વીઆઈઓના પત્ર તા.૫–૬–૦૮ થી કાર્યપાલક ઈજનેર ઉધનાઝોનને જણાવવામાં આવેલ છે કે તપાસ રીપોર્ટ તા.૧૯–૫–૦૮ ના રોજ તેમણે સાઉથઝોનને મોકલી આપેલ હોઈ તેઓ કક્ષાએથી આપવા કાર્યવાહી કરવી. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ધ્વારા તેમના તા.૧૧–૬–૦૮ ના પત્રથી અરજદારને નિયત દસ્તાવેજ ફી રૂા.૬/– માહિતી મેળવી લેવા જણાવેલ તથા તા.૨૬–૯–૦૮ થી પુનઃ પત્ર પાઠવી દસ્તાવેજી ફી ભરી માહિતી મેળવી લેવા જણાવેલ જેના અનુસંધાને અરજદારે તા.૬–૧૦–૦૮ ના રોજ ફી ભરતાં તા.૬–૧૦–૦૮ ના જાહેર માહિતી અધિકારીના પત્રથી સદર માહિતી અરજદારને મોકલ્યાનું જણાય છે.

અરજદારની મુળ અરજીમાં ઉધામ મગદલ્લા રોડ ઉપર લાઈનદોરીમાં થતાં ગેરકાયદેસર બાંધકામ બાબતે વીજીલન્સ તપાસનો જવાબ મળ્યો નથી તેમજ બાંધકામો ૨૦૦ ફુટના ડેવલપમેન્ટ પ્લાનની લાઈનદોરીમાં આવે છે કે નહીં તેની માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં૫૫૧૮ તા.૬–૧૦–૦૮ થી જરૂરી દસ્તાવેજી ફી ભરાવી માહિતી પૂરી પાડેલ જણાય છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૬–૫–૦૮ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડેલ હોઈ અપીલ અરજી અંગે કંઈ કરવાનું રહેતું નથી આથી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદારે અપીલ અરજીમાં જણાવેલ અલાયદા માહિતી અંગે ઈચ્છુક હોય તો લાગત જાહેર માહિતી અધિકારીને કાયદા અને નિયમની જોગવાઈ હેઠળ અલગ અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૮.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી,ઉધનાઝોન તથા વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી. ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી પ્રકાશભાઈ જે. દેસાઈ